GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

# NEP 2020 અનુસાર ગુજરાતી પાઠ્યપુસ્તક : ધોરણ 11/12

ભોરણીયા રફીક અમીહબીબ
માર્ગદર્શક : કેતનકુમાર વી. કાનપરિયા
ગુજરાતી ભાષા–સાહિત્ય ભવન
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

**પ્રસ્તાવના :**

ગુજરાતી ભાષા એ સાહિત્યિક તેમજ સાંસ્કૃતિક રીતે અતિ સમૃદ્ધ છે. ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માનસિક અને વૈચારિક રીતે પરિપક્વ હોય છે, તેથી ગુજરાતી ભાષા ઉચ્ચતર માધ્યમિક વિદ્યાર્થીઓના ઘડતર અને વિકાસ માટે ઉત્તમ પૃષ્ઠભૂમિ ધરાવે છે. ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ પ્રાથમિક કક્ષાએ શ્રવણ–કથન–વાંચન–લેખન જેવાં કૌશલ્યો હસ્તગત કરીને, માધ્યમિક કક્ષાએ તેમાં કુશળતા મેળવવાની સાથે વ્યાકરણનો પાયો પણ મજબૂત કર્યો હોય છે. જેથી ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ વિદ્યાર્થીઓ ભાષા તેમજ સાહિત્યના વિવિધ સ્વરૂપોથી પરિચિત થાય એ જરૂરી બને છે. ગુજરાતી ભાષા શબ્દભંડોળમાં સમૃદ્ધ છે, જેથી આ કક્ષાએ અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ પોતાની મૌખિક તેમજ લેખિત અભિવ્યક્તિમાં શિષ્ટ ભાષાનો પ્રયોગ કરવા સક્ષમ બને એ જરૂરી બને છે. તેથી વિદ્યાર્થીઓ શિષ્ટ ભાષાનો પ્રયોગ કરતા થાય તેવા અનુભવો તેમને પૂરા પાડવામાં આવે છે. આમ, ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ભાષાકીય અને માનવીય રીતે સમૃદ્ધ બને એ ગુજરાતી ભાષાનો ઉદ્દેશ છે.

**ગુજરાતી પુસ્તકનો પરિચય :**

ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ધો. 11 અને ધો. 12 માં વિદ્યાર્થીઓ ગુજરાતી ભાષાનો અભ્યાસ કરે છે, તેમાંથી આપણા વિષયને અનુરૂપ આપણે અહીં ધો. 11 અને ધો. 12 ના પાઠ્યપુસ્તકનો પરિચય

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

મેળવીશું. વર્તમાન પ્રવાહને અનુરૂપ વિદ્યાર્થીઓ સુસજ્જ બને એ માટે સમયાંતરે અભ્યાસક્રમ બદલાય છે. સૌપ્રથમ ધોરણ 11 ના ગુજરાતી વિષયનો પરિચય મેળવીએ :

**ધોરણ 11 ગુજરાતી :**

ઉચ્ચતર માધ્યમિક વિભાગ ધોરણ 11માં નવા અભ્યાસક્રમ માટે પ્રથમ આવૃત્તિ 2016 માં પ્રકાશિત થઈ. એ પછી 2017, 2018, 2019, 2020, 2021, 2022, 2023, 2024 અને 2025 એમ ક્રમશઃ નવી આવૃત્તિ બહાર પડી. આ રીતે મુદ્રણયંત્રની, જોડણીની, કવિ–લેખકોના સંદર્ભે જે કોઈ ક્ષતિઓ રહેલ હતી તેમને દૂર કરવાના પ્રયત્નો થયાં. ઉદાહરણ તરીકે જોઈએ તો પ્રકરણ 16 ‘તપસ્વી સારસ્વત’માં પેજ નંબર 81 ઉપર ‘આ દરમિયાન ગુજરાત વિધાનસભાના ‘બુદ્ધિપ્રકાશ’ સામાયિકમાં છપાતા શાસ્ત્રીજીના લેખોથી આકર્ષાઈ એ સંસ્થાના મંત્રી હીરાલાલ પારેખે શાસ્ત્રીજીને ગુજરાત વિધાનસભામાં જોડાવા નિમંત્રણ આપ્યું.’ આ વાક્યમાં ‘વિધાનસભા’ શબ્દ ખોટો હતો. ‘વિધાનસભા’ શબ્દની જગ્યાએ ‘વિદ્યાસભા’ પ્રયોજવામાં આવ્યો તે સાચો છે. તેમજ ગુજરાતી ભાષા પુસ્તકને 2023 માં વધુ ડિજિટલ બનાવવામાં આવ્યું. 2023 ની આવૃત્તિમાં QR કોડની સામગ્રી પ્રસ્તુત કરવામાં આવી. QR કોડની મદદથી ટેકનોલોજીના વિવિધ ઉપકરણો પર અભ્યાસક્રમની સામગ્રી સરળતાથી પ્રાપ્ત કરી શકાય છે. પાઠ્યપુસ્તકના અધ્યયન અનુભવને રસપ્રદ બનાવવા માટે તેમજ શૈક્ષણિક સામગ્રીની યાદીને સરળતાથી પ્રાપ્ત કરવામાં QR કોડ મદદરૂપ થાય છે. ગુજરાતી વિષયના બંને ધોરણોના પ્રત્યેક પ્રકરણમાં QR કોડ છે. તેમજ DIKSHA એપ્લિકેશન સાથે QR કોડ સ્કેન કરીને અભ્યાસક્રમની સામગ્રી પ્રાપ્ત કરી શકાય છે. આ ઉપરાંત 11માં ધોરણોના ગુજરાતી પાઠ્યપુસ્તકમાં 2023માં એક નવું પ્રકરણ ‘માર્ગ સલામતી : સુરક્ષિત ડ્રાઈવિંગ’ શીર્ષકથી ઉમેરવામાં આવ્યું. જે પ્રકરણ વિદ્યાર્થીઓને માર્ગ સલામતી અંગે અને સુરક્ષા સાથે કેમ ડ્રાઈવિંગ કરી શકાય તેની સમજ આપે છે. આ ઉપરાંત 2024ની આવૃત્તિમાં આ પ્રમાણે : ૧. પરમસુખનાં પગથિયાં અને ૨. ત્રિવેણી. પ્રસ્તુતમાં બે નવા પ્રકરણો ઉમેરવામાં આવ્યાં. પ્રકરણ 5 છપ્પા/ઉખાણાં કાવ્યમાં પેજ નંબર 25 ઉપર

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

શામળરચિત જે ઉખાણા છે તેમાં પ્રથમ 'ચતુર નર તું ચેત, એક અચરત મેં દીઠું' એ ઉખાણાનો જવાબ 'પડછાયો' આપવામાં આવ્યો હતો, તે ખોટો હતો. 2025 ની આવૃત્તિમાં 'શ્રીફળ' જવાબ સુધારા સાથે આપવામાં આવ્યો. આમ, NEP 2020 અનુસાર પાઠ્યપુસ્તકને ભૂલ રહિત અને ટેકનોલોજીની સાથે સુસંગત બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. હાલ ધોરણ 11ના ગુજરાતી પાઠ્યપુસ્તકમાં નીચે મુજબના પ્રકરણોનો સમાવેશ થયો છે :

૧. નાવિક વળતો બોલિયો – ભાલણ
૨. પોસ્ટઑફિસ – ગૌરીશંકર જોશી
૩. એમ ઉગાર્યો ચંદ્રહાસ – પ્રેમાનંદ
૪. અમૃતા – કિશનસિંહ ચાવડા
૫. છપ્પા/ઉખાણાં – અખો
૬. સુંદરીની શોધ – જયશંકર ભોજક 'સુંદરી'
૭. વનમાં ચાંદલિયો ઊગ્યો – સંકલિત
૮. બૂરાઈના દ્વાર પરથી – ઝવેરચંદ મેઘાણી
૯. ચક્રવાકમિથુન – મણિશંકર ભટ્ટ 'કાન્ત'
૧૦. જીભ – જ્યોતીન્દ્ર દવે
૧૧. સીમ અને ઘર – ઉમાશંકર જોશી
૧૨. પ્રસંગદીપ – ભરત ભટ્ટ
૧૩. પરાજયની જીત – પ્રહલાદ પારેખ
૧૪. વાત એક શાપની – મહેશ યાજ્ઞિક
૧૫. મારા ફળીનાં ઝાડવાં બે... – દેવજી રા. મોઢા
૧૬. તપસ્વી સારસ્વત – ચંદ્રકાંત શેઠ
૧૭. ભજન કરે તે જીતે – મકરંદ દવે
૧૮. હુકમ, માલિક – ચિનુ મોદી
૧૯. કાવ્યદ્વયી – પ્રિયકાન્ત મણિયાર/સુંદરમ્
૨૦. સ્ટેચ્યૂ રમવાની મઝા – અનિલ જોશી
૨૧. ભગવાનનો ભાગ – રમેશ પારેખ
૨૨. જમાના પ્રમાણે – વસુબહેન ભટ્ટ
૨૩. સહી નથી – 'જલન' માતરી
૨૪. રેફરન્સ બુક – ઈજ્જતકુમાર ત્રિવેદી
૨૫. દુહા, મુક્તક, હાઈકુ – દુલા ભાયા 'કાગ' અને અન્ય
૨૬. બે દ્રષ્ટાંત કથાઓ – રવિશંકર મહારાજ
૨૭. માર્ગ સલામતી : સુરક્ષિત ડ્રાઈવિંગ
૨૮. પરમસુખનાં પગથિયાં
૨૯. ત્રિવેણી

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

કેટલાક પ્રકરણો તો માનવીય અભિગમોના મૂલ્યોને પ્રસ્તુત કરે છે. સાથે જ માનવજાતને ઉચ્ચ કોટિનો સંદેશ પણ પાઠવે છે. જેમાં પ્રકરણ બેમાં આપવામાં આવેલ 'પોસ્ટઑફિસ' ગૌરીશંકર ગોવર્ધનરામ જોશીની નવલિકા છે. જેમાં નવલિકાનું મુખ્ય પાત્ર અલીડોસો પોતાની દીકરી મરિયમના વિરહ અગ્નિમાં શેકાઈ રહ્યો છે. મરિયમની ટપાલ લેવા પોસ્ટઑફિસમાં નિયમિત વહેલી સવારથી આંટા મારે છે. પોતાના આવા વ્યવહારથી અલીડોસો પોસ્ટઑફિસના કર્મચારીઓ માટે ઉપહાસનું પાત્ર બની જાય છે. પણ જ્યારે પોસ્ટઑફિસના પોસ્ટમાસ્તર પોતે જ એવી પરિસ્થિતિમાં મુકાય છે કે એમને અલીની એક પિતા તરીકેની વેદના–વ્યથા સમજાય છે. આ વિષયના સંદર્ભમાં પ્રસ્તુત થયેલું લેખકનું વિધાન જોઈએ તો, "મનુષ્ય પોતાની દ્રષ્ટિ છોડી બીજાની દ્રષ્ટિથી જુએ તો અડધું જગત શાંત થઈ જાય." આ વિધાન માનવજાત માટે સમજણ અને શાંતિના સંદેશની પરાકાષ્ઠા રજૂ કરે છે.

આ ઉપરાંત પ્રકરણ 15 જોઈએ તો 'મારા ફળીનાં ઝાડવાં બે...' પ્રસ્તુત ગીત રચના દેવજી રામજી મોઢાની છે. આ ગીતની કાવ્યપંક્તિ જોઈએ તો,

"બીજું કહે : જેણે જાત ઘસીને આપણને જળ પાયાં,
એમને ક્યારે આપશું આપણા ફળ ને આપણી છાયા?!
હું તો કહું : અહીં રોકાઈ જાયેં,
એના ચૂલામાં ઈંધણા થાયેં !

આ ગીતમાં કવિએ બે વૃક્ષો વચ્ચેના વાર્તાલાપને રજૂ કર્યો છે. કાવ્ય નાયકના ફળિયામાં ઊગેલાં બે ઝાડવામાંનું એક દૂરના જંગલમાં જવા ઈચ્છે છે. જંગલમાં રહેલાં પોતાના ભાઈ–ભાંડુ સાથે બાકીનું જીવન જીવવા ઝંખે છે. અહીં હવે એને એકલું લાગે છે. ત્યારે બીજું વૃક્ષ ઉપરની કાવ્ય પંક્તિઓ પ્રમાણે જવાબ આપે છે. બીજા વૃક્ષનું કહેવું છે કે જે વ્યક્તિએ પોતાને ઉછેર્યાં અને મોટા કર્યાં; હવે ફળ અને છાયો આપવાનો

GYANBODH
An International Multidisciplinary
Peer Reviewed Journal

ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

સમય થયો ત્યારે એને છોડીને જતું રહેવું યોગ્ય નથી! આમ બીજું વૃક્ષ તો અહીં જ રોકાઈને પોતાને ઉછેરનારને અંત સુધી ઉપયોગી થવાની ભાવના સેવીને અંતે પણ તેના ચૂલાનું બળતણ થવા પણ તૈયાર છે! ઉપકારનો બદલો ઉપકારથી આપવાની ભાવનાનો સંકેત કરતું આ ગીત વૃક્ષની ઉદારતાનો તો પરિચય કરાવે જ છે, પણ સાથે જ જીવનપર્યંત અને મૃત્યુ પછી પણ બીજાને ઉપયોગી થવાનો માનવીને બોધ પણ આપે છે. માનવજીવનની સાર્થકતા અન્યને ઉપયોગી થવામાં છે એ વાત કવિએ અહીં બે વૃક્ષોના રૂપક દ્વારા સમજાવી છે. જેથી વિદ્યાર્થીઓમાં પરોપકારની ભાવના કેળવાય. ઉપરાંત નીચેના પ્રકરણોનો પૂરકવાચન તરીકે સમાવેશ થયો છે :

૧. અનૂદિત કાવ્યો
   ૧. કબાટમાંનાં પુસ્તકો – શંકર વૈદ્ય
   ૨. એને તું હજી વધુ આપ – કૈલાસ બાજપેયી

૨. રોજિંદા જીવનનું વ્યાકરણ – નગીનદાસ પારેખ

૩. આભાર માન – રાજેશ વ્યાસ 'મિસ્કીન'

૪. કાન – મધુરાય

**ધોરણ 12 ગુજરાતી :**

તેમજ ધોરણ 12માં ગુજરાતી ભાષાની પ્રથમ આવૃત્તિ 2017માં પ્રકાશિત થઈ. એ પછી 2018, 2019, 2020, 2021, 2022, 2023 અને 2024 એમ ક્રમશઃ નવી આવૃત્તિ બહાર પડી. આ રીતે અહીં પણ મુદ્રણયંત્રની, જોડણીની, કવિ–લેખકોના સંદર્ભે વગેરે જે કોઈ ક્ષતિઓ રહેલ હતી તેમને દૂર કરવાના પ્રયત્નો થયાં. ગુજરાતી ભાષા પુસ્તકને પણ 2023માં વધુ ડિજિટલ બનાવવામાં આવ્યું. 2023 ની આવૃત્તિમાં QR કોડની સામગ્રી પ્રસ્તુત કરવામાં આવી. QR કોડની મદદથી ટેકનોલોજીના વિવિધ ઉપકરણો પર અભ્યાસક્રમની સામગ્રી સરળતાથી પ્રાપ્ત કરી શકાય છે. બોર્ડના પાઠ્યપુસ્તકના અધ્યયન અનુભવને રસપ્રદ બનાવવા માટે તેમજ શૈક્ષણિક સામગ્રીની યાદીને સરળતાથી પ્રાપ્ત કરવામાં અહીં પણ QR કોડ મદદરૂપ

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

થાય છે. ગુજરાતી વિષયના બંને ધોરણોના પ્રત્યેક પ્રકરણમાં QR કોડ છે. તેમજ DIKSHA એપ્લિકેશન સાથે QR કોડ સ્કેન કરીને અભ્યાસક્રમની સામગ્રી સરળતાથી પ્રાપ્ત કરી શકાય છે. આ ઉપરાંત ધોરણ 12માં પણ ગુજરાતી પાઠ્યપુસ્તકમાં ત્રણ નવા પ્રકરણો ઉમેરવામાં આવ્યા. જે આ પ્રમાણે છે : 1. માર્ગ સલામતી : કોના માટે, કેવી રીતે? 2. વૈશ્વિક ગ્રંથ શ્રીમદ્ ભાગવત્ ગીતા 3. ભારતીય શાશ્વત મૂલ્યો અને ગીતા. વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઈઝેશનના એક અહેવાલ પ્રમાણે વિશ્વમાં માર્ગ અકસ્માતમાં 13,00,000 લોકો, ભારતમાં 1.5 લાખ લોકો અને ગુજરાતમાં 7000 લોકો અવસાન પામે છે. જેથી વિદ્યાર્થીઓમાં માર્ગ સલામતી કેળવાય અને સુરક્ષાની સાથે ડ્રાઈવિંગની સમજણ પ્રાપ્ત કરે તે હેતુથી 'માર્ગ સલામતી : કોના માટે, કેવી રીતે?' પ્રકરણ ઉમેરવામાં આવ્યું છે. તેમજ દોડધામ ભરેલા જીવનમાં વિદ્યાર્થી આધ્યાત્મિક ભાવની સાથે મનની શાંતિ પ્રાપ્ત કરે તે હેતુથી પ્રકરણ બે અને ત્રણનો સમાવેશ કરવામાં આવ્યો છે. ધોરણ 12ના ગુજરાતી પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ પ્રકરણ નીચે મુજબ છે :

૧. અખિલ બ્રહ્માંડમાં – નરસિંહ મહેતા
૨. ખીજડીયે ટેકરે – ચુનીલાલ મડિયા
૩. દમયંતી સ્વયંવર – પ્રેમાનંદ
૪. સત્યાગ્રહશ્રમ – વિનોબા ભાવે
૫. રામબાણ – ધના ભગત
૬. ઉછીનું માગનાઓ – નટવરલાલ બુચ
૭. શ્યામ રંગ સમીપે – દયારામ
૮. અમરનાથની યાત્રાએ – વિનોદિની નીલકંઠ
૯. ભવના અબોલા – અજ્ઞાત
૧૦. યુધિષ્ઠિર યુદ્ધવિષાદ – ઉમાશંકર જોશી
૧૧. ઊર્મિલા – કવિ બોટાદકર
૧૨. સૌજન્યશીલ પ્રભાશંકર – મુકુન્દરાય પારાશર્ય
૧૩. મા'ત્માના માણસ – ધીરુબહેન પટેલ
૧૪. છેલ્લું દર્શન (આસ્વાદ) – જયંત કોઠારી
૧૫. જુઓ – શ્યામ સાધુ
૧૬. સેલ્વી પંકજમ્ – ઈવા દેવ
૧૭. પથ્થર થરથર ધ્રૂજે – નિરંજન ભગત

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

૧૮. આંસુભીનો ઉજાસ – દિલીપ રાણપુરા

૧૯. ઈશ્વર સર્વવ્યાપી – આનંદશંકર ધ્રુવ

૨૦. બા એકલાં જીવે... – મુકેશ જોશી

૨૧. અનુરુદ્ધનો ગૃત્યાગ – ડૉ. હરિવલ્લભ ભાયાણી

૨૨. ભાણી – ઈન્દુલાલ ગાંધી

૨૩. સમતા અને બંધુતાના પથદર્શક... – કિશોર મકવાણા

૨૪. શરત – ઍન્ટન ચેખોવ

૨૫. માર્ગ સલામતી : કોના માટે, કેવી રીતે?

૨૬. વૈશ્વિક ગ્રંથ શ્રીમદ્ ભગવદ્ ગીતા

૨૭. ભારતીય શાશ્વત મૂલ્યો અને ગીતા

આપણા આદ્યકવિ નરસિંહ મહેતાનું પદ 'અખિલ બ્રહ્માંડમાં' પ્રથમ પ્રકરણ તરીકે સ્થાન પામ્યું છે. પ્રસ્તુત પદની કાવ્યપંક્તિ જોઈએ તો,

' અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જૂજવે રૂપે અનંત ભાસે;
દેહમાં દેવ તું, તત્વમાં તે જ હતું, શૂન્યમાં શબ્દ થઈ વેદ વાસે. '

આ પદમાં નરસિંહ મહેતાએ ઈશ્વરના સર્વવ્યાપક રૂપની લીલાને વર્ણવી છે. પરમાત્મા તાત્વિક રીતે એક જ છે, પણ આપણને અનેક રૂપે દેખાય છે. જેમ સુવર્ણ એક જ છે, પણ એમાંથી ઘડાયેલા અલંકારોનાં નામ જુદાં છે, એ રીતે પ્રભુ આ સૃષ્ટિમાં વિવિધ સ્વરૂપે પ્રગટ થાય છે. સાથે જ ધર્મના નામે ઝઘડાઓ ન થાય એ માટેનો પરોક્ષ સંદેશ પણ આ પદમાં રહેલો છે. જ્ઞાનીઓએ રચેલા જ્ઞાનગ્રંથોને સમજવામાં આપણે જ ભૂલો કરી છે એ અજ્ઞાનતાને 'ગરબડ' તરીકે ઓળખાવીને નરસિંહ મહેતાએ હસી કાઢી છે. આ પદ તત્વજ્ઞાનના સમન્વયની સાથે એકાત્મકભાવ પણ રજૂ કરે છે.

તેમજ પ્રકરણ 24માં ઍન્ટવ ચેખોવની 'The bet' નવલિકાનો સમાવેશ થયો છે. તેનો ગુજરાતી અનુવાદ ડૉ. રમેશ ઓઝાએ 'શરત' નામથી કર્યો છે. પ્રસ્તુત નવલિકામાં જન્મટીપની સજા સારી કે મૃત્યુદંડની? એ વિષય ઉપર ચર્ચા ચાલે છે. ચર્ચાને અંતે બેંક માલિક એક યુવાન વકીલ પાસે એક શરત

મૂકે છે. આ નવયુવાન પાંચ વર્ષ જેલવાસ ભોગવી શકે તો બેંક માલિક તેને વીસ લાખ (બે મિલિયન) રૂપિયા આપવા તૈયાર છે. યુવાન વકીલ એ શરતને મંજૂર કરે છે, એટલું જ નહીં પાંચ વર્ષ નહિ, પણ પંદર વર્ષની સજા ભોગવવા તૈયાર થાય છે. શરત પ્રમાણે યુવાન વકીલ પંદર વર્ષ જેલમાં રહે છે; પરંતુ ત્યાં અનેક પુસ્તકો અને ગ્રંથોના વાચનથી તેને અલૌકિક જ્ઞાન પ્રાપ્ત થાય છે અને ભૌતિક વિલાસનું આકર્ષણ છૂટી જાય છે. યુવાન વકીલ પોતે લખેલા પત્રના માધ્યમથી જણાવે છે,

'આવતી કાલે બાર વાગ્યે મને મારી સ્વતંત્રતા પાછી મળશે અને અન્ય લોકો સાથે હળવા અને મળવાનો અધિકાર મળશે; પરંતુ આ ઓરડો છોડીને બહાર હું સૂર્યપ્રકાશ જોઉં તે પહેલાં મારે તમને કંઈક કહેવું છે. પૂરેપૂરી સમજદારીપૂર્વક હું તમને જણાવવા માગું છું કે તમે લોકો જેને જગતની સારી ચીજો ઘણો છો એમાંથી એક પણ ચીજ મારે જોઈતી નથી. કારણ કે મૃત્યુ એ બધાનો નાશ કરશે એ વાતની મને બરાબર ખબર છે.'

'પંદર વર્ષ સુધી મેં પાર્થિવ જીવનનો અભ્યાસ કર્યો છે. એ ખરું કે મેં નથી માણસને જોયો કે નથી ભૂમિને જોઈ, પણ પુસ્તકો દ્વારા મેં ગીતો ગાયાં છે. હરિયાળાં જંગલો, ખેતરો, નદીઓ, સરોવરો અને નગરો પણ જોયાં છે. વળી, મેં ચમત્કારો સર્જ્યા છે, ધર્મનો ઉપદેશ આપ્યો છે અને આખાં ને આખાં સામ્રાજ્યો જીતી લીધાં છે...'

'તમારાં પુસ્તકોએ મને શાણપણ દીધું છે. તમારામાંના મોટાભાગના માણસો કરતાં હું વધુ શાણો (બન્યો) છું.'

'તમે બધાએ તમારી સમજશક્તિ ગુમાવી છે અને અવળો માર્ગ પસંદ કર્યો છે. તમે અસત્યને સત્ય માની લીધું છે.'

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

'તમે જેના સહારે જીવન ગુજારો છો એ સિદ્ધ કરવાના આશયથી મારે મન જે રકમ સ્વર્ગ સમાન હતી તે વીસ લાખની રકમનો હું સ્વીકાર કરવા માંગતો નથી. એ રકમ મેળવવા માટેના મારા અધિકારથી મારી જાતને મુક્ત કરવા માટે હું નિર્ધારિત સમય કરતા પાંચ કલાક વહેલો અહીંથી ભાગી છૂટીશ અને એ રીતે શરતનો ભંગ કરીશ...'

આમ, આ વાર્તામાં લેખકે યુવાન વકીલના પાત્ર દ્વારા સારા પુસ્તકોનું સેવન વ્યક્તિના જીવન મૂલ્યોમાં કેવું પરિવર્તન લાવે છે તે દર્શાવ્યું છે અને બેંકમાલિકની સ્વાર્થી મનોવૃત્તિને પણ ઉજાગર કરી છે. પ્રસ્તુત નવલિકા વિદ્યાર્થીઓને સાંસારિક નશ્વર મોહમાયાથી દૂર રહેવાનો સંદેશ પણ આપે છે અને વર્તમાન મોબાઈલની દુનિયાથી છુટકારો મેળવીને સારા પુસ્તકોનું વાંચન કરવા માટે વિદ્યાર્થીઓને અભિપ્રેત કરે છે.

**પ્રશ્નપત્રના સ્વરૂપમાં પરિવર્તન :**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP)-2020 ને ધ્યાનમાં રાખીને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડે શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪મા ધો. ૧૦ અને ધો. ૧૨ના પ્રશ્નપત્રના સ્વરૂપમાં ફેરફાર કરવા આદેશ કર્યો હતો, એ જ પ્રમાણે ધો. ૯ અને ધો. ૧૧ના પ્રશ્નપત્રના સ્વરૂપમાં ફેરફાર કરીને શૈક્ષણિક વર્ષ ૨૦૨૪–૨૫મા તેનો અમલ કરવા આદેશ કરેલ. આ ફેરફારો રાષ્ટ્રીય શિક્ષણ નીતિનો જે ઉદ્દેશ 'ભાર વિનાનું ભણતર' છે, તેને ચરિતાર્થ કરવા માટે થયેલ. આમ, NEP 2020 અનુસાર પાઠ્યપુસ્તકને મૂલ્યનિષ્ટ બનાવવા પ્રયત્ન થયો છે.

**અધ્યયન નિષ્પતિ :**

NEP 2020 અનુસાર પાઠ્યપુસ્તકમાં અધ્યયન નિષ્પતિનો સમાવેશ કરવામાં આવ્યો. શિક્ષણની પ્રક્રિયા દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા પ્રદર્શિત વિશિષ્ટ જ્ઞાન તથા કૌશલ્યોનું માપન થઈ શકે તથા મેળવેલ જ્ઞાન વિદ્યાર્થીને પોતાના જીવન દરમિયાન વિશિષ્ટ કાર્ય કરવામાં મદદરૂપ થાય તેને અધ્યયન નિષ્પતિ કહે

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

છે. ધોરણ 11ના ગુજરાતી પાઠ્યપુસ્તકમાં આવી અધ્યયન નિષ્પત્તિ G1101 થી G1127 પ્રકરણના ક્રમાનુસાર આપવામાં આવી છે. તેમજ ધોરણ 12ના ગુજરાતી પાઠ્યપુસ્તકમાં G1201 થી G1227 પ્રકરણના ક્રમ અનુસાર આપવામાં આવી છે. અધ્યયન નિષ્પતિ સાથેનું શિક્ષણ જીવન સાથે સુસંગત બને છે. તેમજ વિદ્યાર્થીના જ્ઞાનાત્મક, ભાવાત્મક અને ક્રિયાત્મક પાસાંઓનો વિકાસ થાય છે. અધ્યયન નિષ્પતિ દ્વારા વિદ્યાર્થીની માનસિક શક્તિને ખીલવી શકાય છે. સાથે જ વિદ્યાર્થી વ્યાવહારિક જીવન જીવવાની સમજણ પ્રાપ્ત કરી શકે છે.

**અન્ય હેતુઓ :**

વિદ્યાર્થીઓ માટે પુસ્તકનું જ્ઞાન અને અધ્યયન નિષ્પત્તિ આવકાર્ય છે જે, આ ઉપરાંત વિશાળ અર્થમાં જોઈએ તો ગુજરાતી પાઠ્યપુસ્તકથી વિષયને અનુરૂપ અન્ય હેતુઓ પણ સિદ્ધ કરવા NEP 2020 મુજબ જરૂરી બને છે, જે હેતુઓ આ પ્રમાણે છે :

**૧. માનસિક સજ્જતા :**

સૌથી પહેલા તો દેશના પ્રત્યેક વિદ્યાર્થીઓને માનસિક રીતે સ્વસ્થ બનાવવા જરૂરી છે. માત્ર શારીરિક રીતે મજબૂત હોય પણ માનસિક રીતે બીમાર અને ઢીલા–પોચા હોવાથી કંઈ અર્થ નહીં સરે. વિદ્યાર્થીઓ માનસિક રીતે સ્વસ્થ હશે તો શારીરિક રીતે આપોઆપ સ્વસ્થતા મેળવશે. બંને રીતે વિદ્યાર્થીઓ સ્વસ્થ હશે તો કાર્યસિદ્ધિઓ સરળતાથી પ્રાપ્ત કરશે.

**૨. સામાજિક સજ્જતા :**

બીજો હેતુ વિદ્યાર્થીઓમાં એકબીજાને મદદ કરવાની માનવતાવાદી ભાવના પ્રદાન કરવાનો છે. અશિક્ષિતોને શિક્ષિત, બીમારોને હોસ્પિટલ અને ઘરવિહોણાને ઘર આપવા તરફ આપણો ધ્યેય હોવો જોઈએ. સામાજિક સજ્જતા સીધી રીતે જ આધ્યાત્મિકતા અને રાષ્ટ્રીય નિર્માણના હેતુને અસર કરે છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

**૩. આધ્યાત્મિક સજ્જતા :**

વ્યક્તિ પાસે શિક્ષણ હોય, આર્થિક સધ્ધરતા હોય, તેનું મનોબળ મજબૂત હોય અને તે માનવતા વાદી પણ હોય, આમ છતાં તેનામાં આધ્યાત્મિકતા ન હોય તો તે એક પ્રકારની અધૂરપ કહી શકાય. તનાવ, ડિપ્રેશન, આત્મઘાતી વિચારો અને માનસિક સ્વાસ્થ્ય તો વર્તમાનમાં શિક્ષિત અને જ્ઞાનીઓનું વધુ કથળેલું જોઈ શકાય છે. આદર્શ આધ્યાત્મિકતા વ્યક્તિને શાંતિ, સલામતી, સુરક્ષા, સહનશક્તિ, ધીરજ અને સંયમના મૂલ્યો પ્રદાન કરે છે. શરત એ કે આધ્યાત્મિકતા આંધળી અને કટ્ટર ન હોવી જોઈએ, પરંતુ ઐક્યભાવ આધ્યાત્મિકતા હોવી ઘટે.

**૪. રાષ્ટ્રીયતા :**

રાષ્ટ્રનું ઉન્નતિ કે રાષ્ટ્રની અવનતિ દેશના નાગરિકો પર નિર્ભર છે. ઉપરના ત્રણેય હેતુઓ સિદ્ધ થાય તો દેશના આદર્શ નાગરિક તરીકે રાષ્ટ્રનિર્માણનું ચોથું ધ્યેય આપોઆપ સિદ્ધ થશે. આ હેતુ સિદ્ધ કરવા વ્યક્તિને રાષ્ટ્ર માટે ગૌરવ હોવું આવશ્યક છે. રાષ્ટ્રમાં નાતજાત, ધર્મ, ભેદભાવ અને વૈમનસ્ય હશે તો રાષ્ટ્ર ખંડિત અને વિભાજિત થશે, પરિણામે રાષ્ટ્ર નબળું પડશે. ટૂંકમાં રાષ્ટ્રની પ્રગતિ માટે ઉપરોક્ત ચારેય હેતુઓ જરૂરી છે.

**ઉપસંહાર :**

આમ, NEP 2020 ને ધ્યાનમાં રાખીને ઉચ્ચતર માધ્યમિક વિભાગના ગુજરાતી પાઠ્યપુસ્તકને ભૂલ રહિત, ટેકનોલોજીથી સુસજ્જ અને મૂલ્યનિષ્ઠ બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. જેથી વિદ્યાર્થીઓમાં ગોખણપટ્ટી દૂર થશે અને પોતે મેળવેલા જ્ઞાનનો વ્યવહારિક જગતમાં ઉપયોગ કરી શકશે. તેમજ ઉપરોક્ત દર્શાવેલ હેતુ અનુસાર વિદ્યાર્થીઓમાં માનસિક સજ્જતા, સામાજિક સજ્જતા, આધ્યાત્મિક

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 2
Issue: 4
Special Issue: 1
September: 2025

સજ્જતા અને રાષ્ટ્રીયતાના મૂલ્યોનું ઘડતર થાય એ મુજબ NEP 2020 અનુસાર પાઠ્યપુસ્તકોને બદલતા પ્રવાહની સાથે ડિજિટલ અને ટેકનોલોજીથી સભર બનાવવામાં આવ્યાં છે.

**સંદર્ભ સાહિત્ય :**

૧. ધો. ૧૧ ગુજરાતી પાઠ્યપુસ્તક, આવૃત્તિ ૨૦૧૬ થી ૨૦૨૫ સુધી ક્રમશઃ

૨. ધો. ૧૨ ગુજરાતી પાઠ્યપુસ્તક, આવૃત્તિ ૨૦૧૭ થી ૨૦૨૪ સુધી ક્રમશઃ

૩. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર (પરિપત્ર તા.૦૪/૦૯/૨૦૨૪)

૪. જીવનશિક્ષણ અંક (જાન્યુઆરી, ૨૦૨૪)